## આપનું સપ્તાહ કેવું જશે?

તા.૦૬/૦૭/૨૦૨૬ થી તા.૧૨/૦૬/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ,લ,ઈ):-** મિત્રો વગેરેનો સાથ મળે. છતાં મુશ્કેલીઓનો સામનો વીકમાં કરવાનું બનશે. મોટા ખર્ચા અને નવા રોકાણ સમજદારીપૂર્વક કરવાં. આરોગ્યની સમસ્યા સતાવે. કોર્ટ- કચેરી પોલીસ વગેરેના કામમાં ધીરજ રાખવી. પરિવાર સાથે ધાર્મિક પ્રવાસ થાય. વિદેશ પ્રવાસનાં કામ થાય. સમાજ અને કાર્યસ્થળે યશ મળે. નવા ધંધાકીય કે કોમર્શિયલ રોકાણ લાભદાયક રહેશે. હકારાત્મક વ્યવહારથી લાભ થાય.

**વૃષભ (બ,વ,ઉ):-** તમારી મહેનતની કદર ઓછી થાય. નવી પ્રોપર્ટી ખરીદતાં પહેલાં વડીલોની સલાહ લેવી. અચાનક કોઈના તરફથી સરપ્રાઈઝ પ્રપોઝલ મળી શકે છે. વિદ્યાર્થીઓની પરીક્ષા હકારાત્મક રહે. સંતાનોનાં કામની યોજનામાં મિત્રોનો સાથ મળે. મનગમતા સ્થળ પર યાત્રાથી શાંતિ મળે. દાન-પુણ્ય થાય. સમાજસેવાનાં કામ થાય. મજાક પર કાબૂ રાખવો. સાથે બિનજરૂરી ખર્ચથી બચવું. શુભ સમાચાર મળે.

**મિથુન (ક,છ,ઘ):-** વહીવટી કુશળતા અને સમયસર કામ કરવાની કદર થાય. ઉપરી વર્ગનો સાથ મળે. નવી પ્રોપર્ટી ખરીદતા ઉતાવળ કરવી નહીં. અચાનક સમસ્યાઓ પેદા થઈ શકે છે. ધંધા-વેપારમાં ધીરજ રાખવી. સંતાનોની સમસ્યા સતાવે. પુત્રીસંતાનથી શાંતિ મળે. પ્રેમમાં ગેરસમજ પેદા થાય. શેર, સટ્ટા, લોટરી વાયદામાં ધીરજ રાખવી. તમારા નવા હકારાત્મક વિચારો નવી દિશા તરફ લઈ જશે. ગુસ્સા પર કાબૂ.

**કર્ક (ડ,હ):-** સામાજિક સમસ્યા સતાવે. કોર્ટ-કચેરીમાં વિલંબ થાય. તમારી કામ કરવાની ક્ષમતાની કસોટી થાય. વીકના મધ્યમથી અચાનક નવી તક મળે. આગળ કરેલા રોકાણનું પરિણામ મળે. પ્રેમમાં પરસ્પર ભેટ સોગાદથી વિશ્વાસ વધે. ઉચ્ચ શિક્ષણમાં ભાગ્યનો સાથ મળે. સરકારી નોકરીની તક મળે. સંતાન-જીવનસાથી સાથેના સંબંધો મજબૂત બનશે. નવા રોકાણમાં ધીરજ રાખવી. ઈર્ષાળુ મિત્રોથી સાવધાન રહેવું.

**સિંહ (મ,ટ):-** મહત્ત્વની મિટીંગ કે ઈન્ટરવ્યુમાં આત્મવિશ્વાસનો પ્રભાવ હકારાત્મક પરિણામ લાવશે. ઘરમાં અશાંતિ રહે. રોજના કામમાં વિલંબ થાય. નવા આધુનિક વિચારો વેપાર ધંધાને આગળ લઈ જાય. મિત્રો, જીવનસાથી સાથે ધાર્મિક પ્રવાસ થાય. ધાર્મિક સાહિત્યને લગતાં કામમાં પ્રગતિ થાય. વિદેશથી શુભ સમાચાર મળે. પ્રોપર્ટી બાબતે અનુકૂળતા થાય. ધંધામાં નવી યોજના પાર પડે.

**કન્યા (પ,ઠ,ણ):-** વીક ઉપરી વર્ગને પ્રભાવિત કરવાની તક આપનાર સાબિત થશે. નવા વિચાર અને વ્યાવહારિક કુશળતાથી સફળતા મળે. ઘરમાં વડીલો સાથે ઘર્ષણ ટાળવું. વિવાહની વાતમાં પ્રગતિ થાય. ભાગીદારીમાં તાલમેળ રાખવો. નોકરી-ધંધામાં અનુકૂળતા રહે. આરોગ્ય નરમ રહે. ઉતાવળમાં રોકાણ કરવું નહીં. સરકારી કામમાં ધીરજ રાખવી. અચાનક સફળતા મળે. શુભ સમાચાર મળે. આવક વધે.

**તુલા (ર,ત):-** નવાં રોકાણ કરવાની યોજના હકારાત્મક રહે. કોઈ તરફથી ભેટ મળી શકે છે. નોકરીમાં પ્રમોશન કે નવી તક મળે. હરીફોથી સાવધાન રહેવું. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. નોકર-ચાકરથી સાવધાન. રોજની આવક વધશે. કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. જીવનસાથીનો સાથ મળે. વિદેશથી શુભ સમાચાર મળે. પડવા-વાગવાથી, પાણી-આગ-અકસ્માતથી સાવધાન રહેવું. ધર્મ-કર્મથી શાંતિ મળે.

**વૃશ્ચિક (ન,ય):-** ચાલુ વીકમાં બહારના કામનો બોજ વધશે. નવી જવાબદારીથી તમારી બૌદ્ધિક ક્ષમતા સિધ્ધ થાય. નવા ફેરફારથી દોડધામ વધે. પ્રેમવિવાહનો પ્રસ્તાવ આવી શકે. વિદ્યાર્થીઓની મહેનતનું ફળ દેખાશે. ઉચ્ચ શિક્ષણમાં સફળતા મળે. સંતાનના અભ્યાસ બાબતે મદદ મળે. કાર્યક્ષેત્રે વિચારભેદથી ઘર્ષણ વધે. હરીફો વધશે. સમાજજીવનમાં યશ મળે. દાંપત્યમાં અશાંતિ વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ):-** સપ્તાહ કાર્યક્ષેત્રમાં વિલંબ અને રૂકાવટનો અનુભવ કરાવનાર રહેશે. જો કે મહેનત અને જવાબદારીથી નવી દિશા મળશે. મકાન-મિલકત બાબતે વિઘ્નો આવે. આર્થિક બાબતમાં સુધારો થાય. નવાં મકાન પ્રોપર્ટીનાં કામ થાય. બહારના કામનો બોજ વધશે. પ્રેમ પ્રકરણો સામાન્ય રહે. અભ્યાસમાં પ્રગતિ થાય. શેર, સટ્ટા, લોટરી બાબતે ધીરજ રાખવી. પડવા-વાગવાથી સાવધાની રાખવી.

**મકર (ખ,જ):-** મનોરંજન પ્રવાસ થાય. વિદેશથી શુભ સમાચાર મળે. વિવાદથી અશાંતિ વધશે. વ્યવહારકુશળતાથી નવી તક અને અટકેલા કામમાં ગતિ આવે. દલાલી- માર્કેટીંગ જેવા કામમાં પ્રગતિ થાય. આરોગ્ય નરમ રહે. બહારના કામનો બોજ અને દોડધામ વધે. પ્રોપર્ટી બાબતે અનુકૂળતા થાય. વડીલોની મદદથી અટકેલાં કામ થાય. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે. શુભ સમાચાર મળે.

**કુંભ (ગ,સ,શ,ષ):-** તમારી નેતૃત્વક્ષમતાની કસોટી કરનાર વીક છે. આત્મવિશ્વાસ રાખવો અઘરો પડશે. આગ-અકસ્માત પાણીથી સાવધાન. આર્થિક બાબતે લાલચથી બચવું. ઉધાર લેવા-દેવાનું ટાળવું. ઘર-પરિવારનાં કામમાં ઉત્સાહજનક પ્રગતિ થાય. લાગણીઓ પર કાબૂ રાખીને જવાબદારી નિભાવવાથી સફળતા મળશે. પ્રવાસમાં સાવધાન, પ્રોપર્ટીને લગતા કામમાં અચાનક સફળતા મળી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ):-** ચાલુ વીક નવી શીખ અને વિચારોની જનેતા રહેશે. પણ વિરોધીઓ પરેશાન કરે. વારસા બાબતે વિઘ્નો આવે. નવી નોકરીની યોજના પૂર્ણ થાય. અકસ્માતથી સાવધાન. આર્થિક બાબતે કોઈની વાતોમાં આવવું નહીં. પ્રેમવિવાહનો પ્રસ્તાવ આવે. દાંપત્યજીવન ઉત્સાહજનક રહે. ઘરમાં નવા ફેરફાર થાય. સમાજમાં યશ મળે. આત્મવિશ્વાસ વધે તેવી સફળતા મળે. આવક વધે.

## સિંહ રાશિમાં શુક્ર

જ્યોતિષશાસ્ત્રમાં કર્ક અને સિંહ રાશિમાં શુક્રને શુભ માનવા આવતા નથી. કારણકે આ બંને રાશિમાં આશ્લેષા એ મઘા નક્ષત્ર આવે છે. આ રાશિ અને નક્ષત્ર ગંડાતદોષમાં આવે છે. આશ્લેષાનું છેલ્લા ચરણની બે ઘડી અને મઘાના પ્રથમ ચરણની બે ઘડીને પૂર્ણ રીતે ગંડાત માનવામાં આવે છે. તા. 04-07-2026ની સાંજે શુક્ર 19:15 કલાકે સિંહ રાશિ અને મઘા નક્ષત્રના પ્રથમ ચરણમાં પ્રવેશની પૂર્વ સાંજે 18:27 કલાકથી ગંડાતના પ્રભાવમાં આવી જશે અને તે સાંજે 20:03 કલાક સુધી આ અવસ્થામાં રહેશે. આ તારીખે ઉપરોક્ત સમય દરમિયાન જે કોઈનો જન્મ થશે તે પૂર્ણ રીતે ગંડાતદોષ સાથે થશે. ગંડાતદોષયુક્ત શુક્રને શુભ માનવામાં આવતો નથી. ખાસ કરીને વિવાહિત જીવન માટે તો અશુભ સાબિત થાય છે. ઘણી વખતે ગમે તેવાં લાયક પાત્રોના વિવાહ કે લગ્ન થતાં પણ નથી અને જેના થાય છે તેનાં ટકતાં નથી અને જો ટકે તો લગ્નજીવન જ સજા સમાન સાબિત થાય છે. ચારિત્ર્ય માટે આ શુક્રને અશુભ માનવામાં આવે છે. તા. 01-08-2026 સુધી શુક્ર સિંહમાં ભ્રમણ કરશે. કેતુ પણ હાલ સિંહ રાશિ અને મઘા નક્ષત્રમાં છે અને સૌથી વધુ અશુભ અસર પેદા કરનાર મંગળની દૃષ્ટિ શુક્ર-કેતુ પર તા. 02-08-2026 સુધી મંગળ વૃષભમાં રહેશે.

શુક્ર ખૂબ જ નાજુક અને ક્રિયાશીલ ગ્રહ છે. તેની આજુબાજુ કોઈ પણ ગ્રહની હાજરી સહન કરી શકતો નથી તેમાં પણ મંગળ સૂર્ય રાહુ-શનિ જેવા પાપ ગ્રહોની દૃષ્ટિ યુતિ કે પડોશ તરીકે શુક્રને અશુભત્વ પૂરું પાડે છે. પોતાના શત્રુ ગ્રહની હાજરી પણ સહન નહીં કરનાર શુક્ર ફક્ત એકલો જ શુભ ફળ આપે છે. બુધની યુતિ-દૃષ્ટિ શુભ, ગુરુ ચંદ્રની હાજરીને સહન ન કરી શકતા હોવાથી શુભત્વને ઘટાડે છે અને એક બીજાના પ્રકૃતિને વિરુદ્ધ ફળ આપે છે. ચંદ્ર સાથે સાંસારિક જીવનને બગાડે છે અથવા સમાજમાં બદનામી કરે છે. સાથે કલા-સંગીત વગેરે ક્ષેત્રમાં સફળતા આપે છે પણ અંગત જીવનને નુકસાન કરે છે. ગુરુ સાથે ધર્મ અને આધ્યાત્મિકતાને એકબીજાના વિરોધી પ્રકૃતિ પ્રમાણે પ્રભાવિત કરનાર બની જાય છે.

સામાન્ય રીતે શુક્ર, પ્રેમ, સૌંદર્ય, કલા અને શાંતિનો કારક છે અને સ્ત્રી વર્ગનું પ્રભુત્વ ધરાવે છે માટે પ્રેમવિવાહ, પ્રેમસંબંધ, ફિલ્મ, નૃત્ય, ડ્રામા-નાટક, સંગીત, કલાકાર, ડાંસહોલ, બોલરૂમ, મનોરંજન, સુખસુવિધા, આનંદ, બ્યુટી પ્રોડક્ટ્સ, ફેશન ડીઝાઈન, સાર્વજનિક ઉત્સવ, જુગાર, ગ્લેમર, હોટેલ, મોડલીંગ, ફોટોગ્રાફી, ખેલ-કૂદમાં રસ, રેસ્ટોરન્ટ, દવા-મેડીસીન, કોસ્મેટીક, સિલ્ક ઈન્ડસ્ટ્રી, સોશ્યલ-મનોરંજન, અને ડોક્ટર વગેરે સાથે શુક્રનો સંબંધ છે. આ બધી લાઈનમાં શુક્ર જ સફળતા આપે છે.

જ્યોતિષશાસ્ત્રમાં સિંહ રાશિ કલા સાથે જોડાયેલ શિક્ષણ, બાળકોનો જન્મ દર, દેશની અંદર સાંસ્કૃતિક કાર્યક્રમો અને આનંદ-મનોરંજન, થિએટર, સિનેમા હોલ, કોમ્યુનિટી પાર્ક, એક્ટર-એક્ટર્સ, રચનાત્મક ગતિવિધિઓ, ખેલ, કૂદ, શેર બજાર, સટ્ટા, નૈતિક અને અનૈતિક કાર્ય, સ્કેન્ડ્લ-કૌભાંડ અને ખાસ સમાજના ઉચ્ચ કે ભદ્ર વર્ગ સાથે પ્રતિનિધિત્વ ધરાવે છે. જ્યારે શુક્ર સિંહ રાશિમાં આવે ત્યારે ઉપરોક્ત બાબતો સાથે જોડાયેલાં લોકોની પ્રતિભા ખીલતી હોય છે અને તેવાં કાર્યો કરીને માન અને સાથે અપમાન પણ મેળવે છે. પોતાની પ્રતિભા અને ક્ષમતાને પ્રેરિત કરીને નવી તક ઊભી થાય છે. તા. 04-07-2026થી તા. 01-08-2026 સુધી શુક્ર જાતકને પોતાના કાર્યક્ષેત્ર બાબતે સજાગ કરીને પોતાના વ્યક્તિત્વને ખિલાવશે અને પોતાની છાપ સુધારશે. જે લોકો ટેલેંટ, સેક્ટર, એચઆર, ફેશન, ક્રિએટીવ, ક્ષેત્ર, ડિઝીટલ માર્કેટીંગ, ઈન્ફ્લુએંસર, મીડિયા, ફિલ્મ, ટેલીવિઝન, મનોરંજન, એડવર્ટાઈઝમેન્ટ ઈન્ડસ્ટ્રી વગેરે સાથે જોડાયેલને આ સમયમાં સારા અને ઉત્તમ અવસર મળશે અને પ્રગતિનો અનુભવ થશે. જે લોકો પેટિંગ, એડીટીંગ, ફોટોગ્રાફી અને અન્ય રચનાત્મક ક્ષેત્રો સાથે જોડાયેલને આ ગોચરનો શુક્ર નવા અવસર પેદા કરશે. પોતાની ઈચ્છાઓ પૂર્ણ થાય. જો કે સિંહનો અહંકાર પેદા કરનાર માનવામાં આવે છે. સાથે ઈર્ષાના કારણે બીજા સાથે દુર્વ્યવહાર કરાવીને અપમાનિત કરે છે. માટે સાવધાની રાખવી. શુક્ર લાગણીનો કારક છે. માટે સંબંધોમાં લાગણીનું ધ્યાન રાખવું અને ગેરસમજ પેદા ન થાય તેની કાળજી રાખવી.

ગોચરના શુક્ર શિક્ષણ ક્ષેત્રે નવા વિચારો અને રચનાત્મકતા વધારશે. સ્ત્રીઓ સાથે દુર્વ્યવહાર વધશે. આ સમય દરમિયાન પ્રજનન રેશીયો વધશે. દેશ અને દુનિયામાં તેનો પ્રભાવ જોવા મળશે. નવા સંબંધો માટે લોકો ડેટીંગ સાઈટ્સ સાથે જોડાઈને સક્રિય બનશે. વાણી વિલાસ વધશે. માટે રાજકારણ-રાજનીતિ બ્યાનબાજી વધશે અને લોકોનું ધ્યાન આકર્ષિત કરીને વિવાદ પેદા કરશે. બળાત્કારનું પ્રમાણ વધશે.

શેરબજારમાં મીડિયા-એન્ટરટેન્મેન્ટ, ફિલ્મ ક્ષેત્ર, બ્રોડકાસ્ટિંગ, મ્યુઝિક, ડિઝીટલ ટોમીંગ ટેકનિકલ ક્ષેત્રને સંલગ્ન શેરોના ભાવ વધશે. ફિલ્મ ઉદ્યોગ, ઓટીટી સ્ટીમિંગમાં કમાઈ માટેની તકો ઊભી થશે. સરકારની નિવેશ સંબંધી નીતિઓ અને ગવર્નમેન્ટ મની બોન્ડ વગેરેમાં વૃદ્ધિ થઈ શકે. શિક્ષણમાં ખાસ ટેકનોલોજી, મેડીકલમાં ફર્ટિલિટી સર્વિસ બજારમાં ઉછાળ જોવા મળશે. મેષ, વૃષભ, કર્ક, સિંહ, તુલાને શુભ ફળ મળશે. મકર, મીન, રાશિવાળાએ સાવધાન રહેવું. મિથુન, કન્યા, ધન, વૃશ્ચિક અને કુંભને મિશ્રફળ મળશે. માતા લક્ષ્મીજીની ઉપાસના કરવી અને પોતાની જાત-ઘર-ઓફિસ વગેરેને સાફ સુથરો રાખવાથી શુક્રનું શુભ ફળ મળશે.

# અમરેલીના રાજુલામાં 9 ઈંચ પાણી ઝીંકાયું

### 24 કલાકમાં રાજ્યના 196 તાલુકામાં વરસાદ

### દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં 9 જુલાઈ સુધી રેડ એલર્ટ

ગાંધીનગર : રાજ્યમાં ચોમાસાએ ફરી જોર પકડતાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદનો વધુ એક રાઉન્ડ શરૂ થયો છે. છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના 196 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે, જ્યારે આજે સાંજે 6 વાગ્યા સુધીમાં વધુ 97 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. અમરેલી જિલ્લામાં સૌથી વધુ વરસાદ નોંધાતા અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે. ભારે વરસાદને પગલે રાજ્યના જળાશયોમાં પાણીની આવક સતત વધી રહી છે, રેસ્ક્યૂ અને સ્થળાંતરની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે તેમજ હવામાન વિભાગે આગામી 9 જુલાઈ સુધી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કર્યું છે.

અમરેલીના રાજુલામાં ગણતરીના કલાકોમાં 9 ઈંચ વરસાદ નોંધાયો છે. હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આગામી 3 દિવસમાં સમગ્ર ગુજરાતને આવરી લેશે.

ઓફ-શોર ટ્રફ અને ડિપ્રેશનની સિસ્ટમ સક્રિય હોવાથી 6 જુલાઈએ ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી તેમજ સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ અને દીવમાં અત્યંત ભારે વરસાદ સાથે રેડ એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે 7, 8 અને 9 જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી, વલસાડ અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સળંગ ત્રણ દિવસ આભ ફાટવા જેવી સ્થિતિ (એક્સ્ટ્રીમલી હેવી રેઈન) નું રેડ એલર્ટ રહેશે.

### રાજ્યના જુદા જુદા તાલુકાનો વરસાદ

| | |
|---|---|
| રાજુલા | 9 ઈંચ |
| ધારી | 6.85 ઈંચ |
| ખાંભા | 5.51 ઈંચ |
| લીલિયા | 4.21 ઈંચ |
| બગસરા | 4.17 ઈંચ |
| સાવરકુંડલા | 3.98 ઈંચ |
| જાફરાબાદ | 3.82 ઈંચ |
| ઉનામાં | 3.58 ઈંચ |
| વિજયનગર | 3.50 ઈંચ |

### રાજ્યના ડેમની સ્થિત

» સરદાર સરોવરમાં ક્ષમતાના 64.23 ટકા જેટલો જળસંગ્રહ » રાજ્યના અન્ય 206 જળાશયોમાં સરેરાશ 36.61 ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ » રાજ્યમાં 14 ડેમ 70થી 100 ટકા, 19 ડેમ 50થી 70 ટકા ભરાયા » 55 ડેમ 25થી 50 ટકા અને 118 ડેમ 25 ટકાથી ઓછી ક્ષમતા » 5 ડેમ હાઈ એલર્ટ, 3 ડેમ એલર્ટ અને 9 ડેમ વોર્નિંગ પર

### અત્યાર સુધીમાં 597 લોકોનું સ્થળાંતર

રાજ્યમાં સ્થળાંતર ઉપરાંત તેમજ વિવિધ જિલ્લાઓમાંથી 60 લોકોનું સુરક્ષિત રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. સૌથી વધુ સ્થળાંતર જૂનાગઢ જિલ્લામાં 297 અને ગીર સોમનાથ જિલ્લામાં 250 લોકોનું કરવામાં આવ્યું છે. વરસાદી પરિસ્થિતિને પહોંચી વળવા રાજ્યમાં 9 એનડીઆરએફ ટીમો અને 25 એસડીઆરએફ પ્લાટૂન વિવિધ જિલ્લાઓમાં તૈનાત કરવામાં આવ્યા છે, જ્યારે 4 એનડીઆરએફ અને 8 એસડીઆરએફ ટીમોને રિઝર્વ રાખવામાં આવી છે. ઉપરાંત વડોદરાથી એક વધારાની એનડીઆરએફ ટીમને અમરેલી જિલ્લામાં મોકલવામાં આવી છે. ભારે વરસાદ અને તેજ પવનના કારણે રાજ્યના 2,457 ગામોમાં વીજ પુરવઠો પ્રભાવિત થયો હતો. જોકે વીજ વિભાગે ઝડપી કામગીરી હાથ ધરી 2,336 ગામોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરી દીધો છે, જ્યારે બાકીના 121 ગામોમાં કામગીરી ચાલુ છે. રાજ્યના કુલ 4,419 ફીડરમાંથી 4,263 કાર્યરત થઈ ગયા છે.

#### ગુજરાતનાં સાપોનું ઝેર હવે બનશે સંજીવની

# વલસાડના ધરમપુરનો ઝેરનો જથ્થો તેલંગાણાની કંપનીને સોંપાયો

### સંશોધન અને તાલિમ માટે ૧૧.૬૮ કરોડની દરખાસ્ત કરી દેવાઇ છે

ગાંધીનગર : ગુજરાતમાં સર્પદંશની સારવાર ક્ષેત્રે એક ક્રાંતિકારી અને ઐતિહાસિક લોન્ચિંગ થવા જઈ રહ્યું છે. રાજ્યમાં સર્પદંશને કારણે થતા માનવ મૃત્યુને નાથવા માટે હવે ગુજરાત પોતાનું આગવું 'પ્રદેશ-વિશિષ્ટ એન્ટી-સ્નેક વેનમ' (Region-specific anti-snake venom) તૈયાર કરી રહ્યું છે, જે ટૂંક સમયમાં દર્દીઓ માટે સંજીવની સાબિત થશે. વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ આ અંગે મહત્વની જાહેરાત કરતા જણાવ્યું છે કે, વલસાડ જિલ્લાના ધરમપુર સ્થિત 'સ્નેક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ' (SRI) દ્વારા ગુજરાતના સ્થાનિક ઝેરી સાપોમાંથી મેળવેલું લાયોફિલાઈઝ્ડ (ફ્રીઝ-ડ્રાઈડ એટલે કે પાવડર સ્વરૂપનું) ઝેર ગયા અઠવાડિયે તેલંગાણા સ્થિત લાયસન્સ ધરાવતી ઉત્પાદક કંપનીને સોંપી દેવામાં આવ્યું છે, જેથી રસી બનાવવાની પ્રક્રિયા ઝડપથી શરૂ કરી શકાય.

આ પ્રોજેક્ટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૨૪માં શરૂ કરાયેલા 'નેશનલ એક્શન પ્લાન ફોર પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ સ્નેકબાઈટ એન્વેનોમિંગ' (NAP-SE) ને બળ પૂરું પાડશે. આ રાષ્ટ્રીય મિશન અંતર્ગત વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ના વૈશ્વિક લક્ષ્યાંક મુજબ વર્ષ ૨૦૩૦ સુધીમાં સર્પદંશથી થતા મૃત્યુ અને અપંગતામાં ૫૦ ટકાનો ઘટાડો કરવાનો ઉદ્દેશ્ય છે, જેમાં ગુજરાતનું આ પ્રદેશ-વિશિષ્ટ વેનમ મોટું યોગદાન આપશે.

# સુમુલ ડેરીની ઉચ્છલ બેઠકની ચૂંટણી મોકૂફ રાખી નવેસરથી યોજવા માંગ

સુરતઃ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને સુમુલની સાંધીયેર દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સભાસદ દર્શન એ. નાયકે સુમુલ ડેરીના ચૂંટણી અધિકારી, ચૂંટણી માટે સમક્ષ અધિકારી નિયુક્ત કરનાર સુરતના જિલ્લા કલેક્ટર તેજસ પરમારને તાકિદનો ઈમેલ મોકલી ચૂંટણી અધિકારી ઉચ્છલ તાલુકાની બેઠકની ચૂંટણી અંગે સત્તાધારી પક્ષના ઉમેદવાર કે ભાજપના નેતાઓના દબાણથી કોઈ સુનાવણી રાખે તો સખત લેખિત વાંધો રજૂ કર્યો છે.

દર્શન નાયકે જણાવ્યું હતું કે, ઉચ્છલ બેઠકના કોંગ્રેસ ઉમેદવાર સ્વ.સુનિલ ગામીતના આકસ્મિક નિધનની જાણ તા.04/07/2026 ના રોજ સાપુતારા પોલીસે લાશ સુપરત કર્યાની પહોંચ આપી એની નકલ ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવામાં આવી હોવા છતાં ચૂંટણી અધિકારીએ નવેસરથી આ બેઠકની ચૂંટણી યોજવાની કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી.

ઉચ્છલ તાલુકા મતદાર વિભાગની કુંભરાડ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના પ્રતિનિધિ સમીર દામજીભાઈ વસાવા દ્વારા તા. ૦૪/૦૭/૨૦૨૬ના રોજ ચૂંટણી અધિકારીને લેખિત રજૂઆત કરવામાં આવી હોવા છતાં ઉચ્છલ બેઠક અંગેનો નિર્ણય તા. ૦૬/૦૭/૨૦૨૬ના રોજ લેવાનો હોવાનું જાહેર થયું છે. એ બાબત ખૂબ દુઃખદ છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ સુરત-તાપી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લિ. (સુમુલ ડેરી) ના બે ટર્મના ડિરેક્ટર, તાપી જિલ્લાના નિઝર બેઠકના પૂર્વ ધારાસભ્ય તથા સુમુલ ડેરીની ૨૦૨૬ની ચૂંટણીમાં ઉચ્છલ તાલુકાની બેઠકના ઉમેદવાર સ્વ. સુનિલ રતનજી ગામીતનું તા. ૦૪/૦૭/૨૦૨૬ના રોજ આકસ્મિક નિધન થયું હતું.

# કાંઠા સુગર કૌભાંડમાં SPBના પૂર્વ મેનેજરની જામીન અરજી નામંજૂર

### આરોપોની ગંભીરતા અને પ્રાથમિક પુરાવા ધ્યાનમાં રાખી કોર્ટે જતીન નાયકને રાહત આપવાનો ઇનકાર કર્યો

સુરતઃ ઓલપાડ કાંઠા સુગર કૌભાંડમાં ઝડપાયેલા અને સુરત પીપલ્સ કો.ઓપ.બેંકના તે સમયના મેનેજર અને નિવૃત એમ.ડી. જતીન ઈશ્વરભાઈ નાયકે કરેલી જામીન અરજી સુરત જિલ્લા અને સેશન્સ કોર્ટના એડિશનલ સેશન્સ જજ વિનોદ વી. પરમારે નામંજૂર કરી હતી.

સુરતની સેશન્સ કોર્ટ દ્વારા આરોપોની ગંભીરતા અને પ્રાથમિક પુરાવા ધ્યાનમાં રાખી કોર્ટે રાહત આપવાનો ઈનકાર કર્યો હતો. જેને લીધે ઓલપાડ પોલીસના ચોપડે કાગળ પર ભાગતા ફરતા,પણ ઓલપાડમાં જ ફરતા કાંઠા સુગરના કૌભાંડીઓને રાહત મળવાની શક્યતા આ હુકમ પછી ઓછી થઈ છે. બચાવ પક્ષે વધુમાં કોર્ટને જણાવ્યું હતું કે તપાસ પૂર્ણ થઈ ચૂકી છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

**દેશભરમાં ચોમાસાએ...**

છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે. મહત્તમ તાપમાનમાં 3 થી 4 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે. ગઢવા, પલામુ, ચતરા, હજારીબાગ, લાતેહાર, લોહરદગા, ગુમલા અને રાંચીમાં સોમવારે ભારે વરસાદ થવાની સંભાવના છે.

**મુંબઇ, તેની...**

કલાકના ગાળામાં ૨૦૦ મિલીમીટરથી વધુ અને અમુક સ્થળોએ 300 મિલીમીટર જેટલો ભારે વરસાદ નોંધાયો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારે વરસાદ અને જોરદાર પવનને કારણે મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ સત્તાવાળાઓને રવિવારે એક કલાક માટે રનવેની તમામ કામગીરી સ્થગિત કરવાની ફરજ પડી હતી. આ દરમિયાન ઇન્ડિગોની ચાર ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી અને વિવિધ એરલાઇન્સની ૧૩ આવતી ફ્લાઇટ્સને નજીકના એરપોર્ટ પર ડાયવર્ટ કરવામાં આવી હતી. જો કે, હવામાન સાનુકૂળ થતાં ડાયવર્ટ કરાયેલી તમામ ૧૩ ફ્લાઇટ્સ પાછળથી મુંબઈમાં સુરક્ષિત રીતે લેન્ડ થઈ હતી. એક અઠવાડિયામાં આ પ્રકારની આ બીજી ઘટનામાં, કુર્લા વિસ્તારમાં ભારે વરસાદ દરમિયાન એક દુકાન પર વૃક્ષ ધરાશાયી થતાં ૬૩ વર્ષીય વૃદ્ધનું મોત નીપજ્યું હતું. પાલિકાના અધિકારીઓએ જણાવ્યું કે આ ઘટના બપોરે ૧૨:૪૦ વાગ્યાની આસપાસ કુર્લા વેસ્ટના નૌપાડા વિસ્તારમાં આવેલી હિન્દી BMC સ્કૂલ નજીક બની હતી. આ અગાઉ, ૩૦ જૂનના રોજ ચેમ્બુરમાં એક ચાલુ સ્કૂલ બસ પર વૃક્ષ પડતાં ૧૧ વર્ષના બાળકનું મોત થયું હતું અને અન્ય કેટલાક લોકો ઘાયલ થયા હતા. મુંબઇના પાડોશના થાણે અને પાલઘર જિલ્લામાં રવિવારે મુશળધાર વરસાદને કારણે સંખ્યાબંધ ઇમારતો/બાંધકામો ધરાશાયી થવાની અને વૃક્ષો પડી જવાની ઘટનાઓ બની હતી, જેને પગલે કટોકટીની ટીમોએ બચાવ કામગીરી શરૂ કરી હતી. સત્તાવાર માહિતી અનુસાર, આ દરમિયાન નદીમાં ડૂબી જવાથી એક ૧૭ વર્ષના કિશોરનું મોત થયું હતું, ભીવંડીમાં કામવતી નદીમાં આ યુવક ડૂબી ગયો હતો. જ્યારે નવી મુંબઇમાં બાલ્કનીનો એક ભાગ તૂટી પડતાં બે લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

**મુંબઇ એરપોર્ટ...**

(એએઆઈ)ની સંયુક્ત માલિકીના મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "આશરે સવારે ૧૦.૧૭ વાગ્યે, પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓ, જેમાં ૪૨ નોટ્સ સુધીના જોરદાર પવન અને ભારે વરસાદને કારણે ઘટેલી વિઝિબિલિટીને લીધે રનવેની કામગીરી પ્રભાવિત થઈ હતી. પ્રક્રિયા અનુસાર, મુસાફરો, એરક્રાફ્ટ અને ગ્રાઉન્ડ સ્ટાફની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રનવેની કામગીરી કામચલાઉ ધોરણે સ્થગિત કરવામાં આવી હતી. હવામાનની સ્થિતિમાં સુધારો થયા પછી, એક કલાક બાદ સામાન્ય રનવે કામગીરી ફરી શરૂ થઈ હતી,

**મોજતબા હાજર...**

ગુરુવારે જ પહેલીવાર ફોટોગ્રાફમાં જોવા મળ્યા હતા, તેઓ એસોસિએટેડ પ્રેસના પત્રકારોને ભીડમાં જોવા મળ્યા હતા. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન, સંસદના સ્પીકર મોહમ્મદ બાગેર ગાલિબાફ અને ગાર્ડની એક્સપિડિશનરી કુદ્સ ફોર્સનું નેતૃત્વ કરનારા ઈસ્માઈલ કાની પણ આ અંતિમ સંસ્કારમાં સામેલ થયા હતા.

**બદ્રીનાથ દાન...**

તપાસ પેનલની રચના કરી છે અને તેને સાત દિવસની અંદર પોતાનો અહેવાલ સુપરત કરતાં પહેલાં તમામ ઉપલબ્ધ પુરાવાઓની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે. રંગડાએ જણાવ્યું હતું કે, સમિતિ સીસીટીવી ફૂટેજ, સંબંધિત વ્યક્તિઓનાં નિવેદનો અને અન્ય ઉપલબ્ધ પુરાવાઓના આધારે વિગતવાર તપાસ કરશે. અયોધ્યામાં રામ મંદિરની ભેટોના વ્યવસ્થાપનમાં ગેરરીતિના આરોપો બાદ તુરંત જ આ મુદ્દો સામે આવતાં ઉત્તરાખંડમાં રાજકીય વિવાદ છેડાયો છે. રાજ્ય કોંગ્રેસ અધ્યક્ષ ગણેશ ગોડિયાલે બદ્રીનાથ ધામ સાથે જોડાયેલા આરોપોને ગંભીર ગણાવ્યા હતા, પુષ્કર સિંહ ધામીની આગેવાની હેઠળની ઉત્તરાખંડ સરકાર પર નિશાન સાધ્યું હતું અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. ગોડિયાલે જણાવ્યું હતું કે, પહેલા રામ મંદિર અને હવે બદ્રીનાથ ધામમાં ભ્રષ્ટાચારના આરોપોથી સનાતન ધર્મના ભક્તો/અનુયાયીઓ દુઃખી થયા છે, અને તેમણે રાજ્ય સરકારને આ માટે જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવા વિનંતી કરી હતી. શનિવારે, ગોડિયાલે કોંગ્રેસના કાર્યકરો સાથે બાગેશ્વરના બાગનાથ મંદિર પરિસરમાં રામ મંદિર અને બદ્રીનાથ મંદિર બંનેમાં ભેટો અને દાનમાં કથિત ઉચાપત વિરુદ્ધ મૌન પ્રદર્શન કર્યું હતું.

**આજે રામ...**

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કેસમાં આરોપી બન્યા બાદ રાજીનામું આપી ચૂકેલા ચંપત રાય અને અનિલ મિશ્રાના રાજીનામા અંગે ટ્રસ્ટ ચર્ચા કરે તેવી શક્યતા છે.

જો તેમના રાજીનામા સ્વીકારવામાં આવે છે તો બેઠકમાં ટ્રસ્ટની કામગીરી માટે એક નવા વહીવટી માળખાની યોજનાઓ પર પણ વિચાર કરવામાં આવે તેવી શક્યતા છે. વિશેષ આમંત્રિત ગોપાલ રાવની ભૂમિકા અંગે પણ ચર્ચા થવાની અપેક્ષા છે. આ ઉપરાંત, આ બેઠકમાં કથિત ઉચાપતની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ના વચગાળાના તારણો અંગેની માહિતી સામેલ થવાની સંભાવના છે અને રામ મંદિરના ભાવિ વ્યવસ્થાપન માળખા વિશે પણ ચર્ચા થઈ શકે છે.

નાણાકીય વર્ષ 2025-26 માટેનું ઓડિટ વગરનું આવક-ખર્ચનું પત્રક, બેલેન્સ શીટ અને અન્ય નાણાકીય વિગતો મંજૂરી માટે રજૂ કરવામાં આવશે.

**ઇન્સ્ટા પરથી...**

(CSEAM - ચાઈલ્ડ સેક્સ્યુઅલ એબ્યુઝ મટિરિયલ)ને પ્રોત્સાહન આપતી અથવા તેના સુધી પહોંચવામાં મદદ કરતી તમામ જાહેરાતો અને કન્ટેન્ટને તાત્કાલિક નિષ્ક્રિય કરવાનો નિર્દેશ આપ્યો છે. સરકારે મેટા પાસે આ અંગે વિગતવાર ખુલાસો પણ માંગ્યો છે, અને કંપનીને સાત દિવસમાં જવાબ આપવા જણાવ્યું છે. સરકારની આ કાર્યવાહી BBC Eyeની એક તપાસ બાદ સામે આવી છે, જેમાં જાણવા મળ્યું હતું કે ઈન્સ્ટાગ્રામ પર "રેપ વિડીયો" અને "ચાઈલ્ડ વિડીયો" જેવા શબ્દો ધરાવતી પેઈડ જાહેરાતો પ્રદર્શિત થઈ રહી હતી. આ જાહેરાતો કથિત રીતે યુઝર્સને ટેલિગ્રામ ચેનલો તરફ રીડાયરેક્ટ કરતી હતી, જ્યાં માત્ર ૯૯ જેટલી નજીવી કિંમતે બાળ જાતીય શોષણની સામગ્રી ખરીદી શકાતી હતી. તપાસ અનુસાર, આ જાહેરાતો પ્લેટફોર્મ પર દેખાતા પહેલા ઈન્સ્ટાગ્રામની ચકાસણી પ્રક્રિયામાંથી પસાર થઈ હતી.

**ભારતીય સૈન્ય**

**એક અધિકારી તરીકે ભારતીય સૈન્યમાં જોડાઓ**

www.joinindianarmy.nic.in

**અધિકારી પ્રવિષ્ટિઓ**

1. નીચે આપેલા કોર્સ માટે અરજીઓ આમંત્રિત કરવામાં આવે છેઃ-

(ક) 68મો શોર્ટ સર્વિસ કમિશન (ટેકનિકલ) મહિલા કોર્સ - એપ્રિલ 2027 માટે.
(ખ) 68મો શોર્ટ સર્વિસ કમિશન (ટેકનિકલ) પુરુષ કોર્સ - એપ્રિલ 2027 માટે.

2. ઓનલાઈન અરજીઓ નીચે મુજબની મદ્દત માટે ખુલ્લી રહેશેઃ-

(ક) શોર્ટ સર્વિસ કમિશન (ટેકનિકલ) કોર્સ - (મહિલા) - 08 જુલાઈથી 06 ઓગસ્ટ 2026
(ખ) શોર્ટ સર્વિસ કમિશન (ટેકનિકલ) કોર્સ - (પુરુષ) - 09 જુલાઈથી 07 ઓગસ્ટ 2026

**OFFICER ENTRIES**

1. Applications are invited for the following courses :-

(a) 68th Short Service Commission (Tech) Women Course -April 2027
(b) 68th Short Service Commission (Tech) Men Course April 2027

2. Online applications will remain open as under :-

(a) SSCW (Tech) Course - Women - 08 July to 06 August 2026
(b) SSC (Tech) Course - Men - 09 July to 07 August 2026

નોંધઃ-
1. સેનામાં ભરતી સંપૂર્ણપણે પારદર્શી અને મફત છે. દલાલોથી સાવધાન રહો.
2. વિગતવાર નોટિફિકેશન અને માહિતી માટે, કૃપા કરીને www.joinindianarmy.nic.in પર જાઓ.

Note:-
1. Recruitment in the Army is totally transparent and free. Beware of touts.
2. For detailed Notification, please visit www.joinindianarmy.nic.in

CBC 10601/11/0009/2627